જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૬/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૮૯ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૪/૧૬**

**શાહપુરઃ** શાહપુર વિસ્તારમાં રહેતી ૬ વર્ષની બાળાની માતાએ તા.૬/૬/૧૬ નારોજ વા.સા.હોસ્પીટલ ખાતે શાહપુર પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે બાળાની સાવકી માએ મદદગારી કરી સંબંધી ભાણીયાએ તા.૨/૬/૧૬ રાતના ૧૦/૩૦ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન સાવકીમાના ઘરે ટેલીવિઝનમાં બાળાને બિભત્સ ચિત્ર બતાવી ભાણીયાએ બાળા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી જે ગઢવી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૫/૧૬**

**નારણપુરાઃ** રાકેશભાઈ જયંતીલાલ શાહ (ઉ.વ.૬૮) (રહે.મનોરથ એપાર્ટમેન્ટ વિજયનગર રેલવે ક્રોસીંગ પાસે નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૫/૧૬ રાતના ૧૧/૧૫ થી તા.૬/૬/૧૬ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં માંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૯૮,૦૫૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એલ પારગી ચલાવે છે.

**ચાંદખેડાઃ** પ્રતિક શશીકાંત મીશ્રા (ઉ.વ.૨૩) (રહે.ઈડન એપાર્ટમેન્ટ ગોધરેજ ગાર્ડન સીટી જગતપુર ચાંદખેડા અમદાવાદ) એ તા.૬/૬/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૫/૧૬ રાતના ૮/૩૦ થી તા.૪/૬/૧૬ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી પંકજકુમાર ત્રીભુવન રાય (રહે.લેબર કોલોની એલ.એન.ટી.મોતીખાવરની બાજુમાં જામનગર) પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી બ્રેકરમશીન નંગ-૭ અને લેપટોપ મળી કિમત રૂપિયા ૨,૩૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી એચ બી ચાવડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)